Tuesday
14.07.2026
*Volume :11 * Issue No.10
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

કૃષિ વિભાગ હસ્તક નવનિયુક્ત ૨૪ અધિકારીઓને નિમણૂક પત્રો એનાયત

# સરકારી સેવામાં 'પારદર્શક, પ્રામાણિક અને સંવેદનશીલ' બનીને નાગરિકોની સેવા કરવા નવનિયુકત અધિકારીઓને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની અપીલ

## ખેતી, પશુપાલન અને બાગાયતના સંકલિત વિકાસથી જ 'વિકસિત ભારત'નું સપનું સાકાર થશેઃ કૃષિ મંત્રીશ્રી






કમલમ્,

કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના વરદ હસ્તે કૃષિ વિભાગના નવનિયુક્ત ૦૮ નાયબ પશુપાલન નિયામક, ૦૨ મત્સ્ય અધિકારી અને ૧૪ બાગાયત સુપરવાઈઝરને નિમણૂકપત્રો એનાયત કરવામાંઆવ્યા હતા. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારા સહિત કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નવનિયુકત અધિકારીઓને અભિનંદન પાઠવતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુંહતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનમુજબ વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણ માટે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવું અનિવાર્ય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર પારદર્શી પ્રક્રિયા દ્વારા યુવાનોને રોજગારીની ઉમદા તકો પૂરી પાડી રહી છે. કઠિન સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરીને આજે સરકારમાં જોડાયેલા તમામ સ્કોલર અધિકારીઓની પ્રતિભા અને અનુભવનો લાભ સરકારને મળશે અને રાજ્યનો વિકાસ વધુ વેગવાન બનશે. કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ખેતી હવે માત્ર ખેતર પૂરતી સીમિત નથી રહી. પશુપાલન, બાગાયત અને મત્સ્ય ઉદ્યોગના સંકલિત વિકાસ દ્વારા ગ્રામીણ સ્તરે રોજગારીનું મોટાપાયે સર્જન કરવામાં આવી રહ્યું છે. પશુપાલકોની આવક વધારવા માટે બનાસ ડેરી સહિત અન્ય સાત ડેરીઓમાં 'બાયો-સીએનજી પ્લાન્ટ' સ્થાપીને ગેસ ઉત્પાદનનું આયોજન કરાયું છે. આ ઉપરાંત, પશુપાલનમાં સેક્સ્ સોર્ટેડ સીમેન અને ફ્ફ્ જેવી મોર્ડન ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

બાગાયત ક્ષેત્રે ગુજરાતની ઉત્કૃષ્ટ કામગીરીની નોંધ લેતા ગુજરાતને તાજેતરમાં જ "એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ" પ્રાપ્ત થયો છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગથી જમીન અને માનવ સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરો અંગે ચિંતા વ્યક્ત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના 'મિશન પ્રાકૃતિક ખેતી'ના આહવાનને ઝીલીને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી આ અભિયાનને વેગ આપી રહ્યા છે. નવનિયુકત અધિકારીઓએ પણ ધરતી માતા અને માનવજાતના રક્ષણ માટે પ્રાકૃતિક ખેતીના અભિયાનને ગામે-ગામ પહોંચાડવા સક્રિય યોગદાન આપવું પડશે. નવયુવાન અધિકારીઓને પ્રેરણા આપતા મંત્રીશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, સરકારી સેવામાં જોડાતી વખતે તમામ અધિકારીઓએ 'પારદર્શક, પ્રામાણિક અને સંવેદનશીલ' બનવાનો સંકલ્પ કરવો જોઈએ. કોઈપણ સામાન્ય કે જરૂરિયાતમંદ નાગરિક જ્યારે કચેરીએ આવે, ત્યારે તેને કોઈની ભલામણની જરૂર ન પડવી જોઈએ અને તેનું કામ સરળતાથી થવું જોઈએ. કૃષિ રાજ્ય મંત્રી શ્રી રમેશભાઈ કટારાએ નવનિયુક્ત ઉમેદવારોને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, વર્ષોની સખત મહેનત અને પરિશ્રમ બાદ આજે આ યુવાનો પોતાના કારકિર્દીના એક સફળ અને નવા સોપાનની શરૂઆત કરી રહ્યા છે. મંત્રીશ્રીએ આ પ્રસંગે ઉમેદવારોને નવી ઉર્જા અને પૂરી નિષ્ઠા સાથે કાર્ય કરવા આહ્વાન કર્યું હતું, જેથી કૃષિ અને પશુપાલન વિભાગની સેવાઓ વધુ સુદ્રઢ બને. કૃષિ વિભાગના અગ્ર સચિવ શ્રી આર. સી. મીણાએ જણાવ્યું હતું કે, રાજ્યના જીડીપીમાં આ કૃષિ અને સંલગ્ન ક્ષેત્રનો હિસ્સો આશરે ૧૮ ટકાથી પણ વધુ છે, જે આ વિભાગની ગંભીરતા અને જવાબદારી દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે, હવે કૃષિ અને પશુપાલન વિભાગ સંપૂર્ણપણે આધુનિક બન્યો છે, જેમાં એગ્રીસ્ટેક, આઈટી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ખેડૂતો અને પશુપાલકોની પ્રગતિ માટે કામ કરવામાં આવી રહ્યું છે. કાર્યક્રમના પ્રારંભે મત્સ્યોદ્યોગ કમિશ્નર શ્રી વિજય ખરાડીએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. જ્યારે કાર્યક્રમના અંતે પશુપાલન નિયામક ડો. ફાલ્ગુનીબેન ઠાકરે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે બાગાયત નિયામકશ્રી એચ. એમ. ચાવડા, કૃષિ વિભાગના સંયુક્ત સચિવ શ્રી સહિત વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચાંદીપુરા વાયરસના નિયંત્રણ માટે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રીશ્રીની અદયક્ષતામાં યોજાઈ સમીક્ષા બેઠક

## આરોગ્ય તંત્રને દવાઓ, ફોગિંગ અને સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવા અપાયા આદેશ

**રાજ્યના તમામ ચાઇલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાંધીનગર મુખ્ય મથક સાથે સંકલનમાં રહેવા સૂચના અપાઈ : આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા**



કમલમ્,

રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કેસોને પગલે આરોગ્ય વિભાગ વધુમાં વધુ કાર્યક્ષમતા સાથે સતત કામગીરી કરી રહ્યું છે. ચાંદીપુરા વાયરસની હાલની સ્થિતિ અંગેની સમીક્ષા કરવા માટે આજે સચિવાલય ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીશ્રીએ રાજ્યમાં આ વાયરસના નિયંત્રણ, દર્દીઓની સારવાર અને સર્વેલન્સની કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી. આરોગ્ય મંત્રી શ્રી પાનશેરીયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ચાંદીપુરા વાયરસના સચોટ નિદાન માટે લેબોરેટરી ટેસ્ટિંગની કામગીરી ખૂબ જ ઝડપથી ચાલી રહી છે. કુલ ૨૭ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૧૯ નમૂનાના પરિણામો પ્રાપ્ત થઈ ચૂક્યા છે. જેમાંથી ૭ પોઝિટિવ અને ૧૨ નેગેટિવ આવ્યા છે. જ્યારે બાકી રહેલા ૮ નમૂનાઓનું પરીક્ષણ પરિણામ આવવાનું બાકી છે, જે આજે સાંજ સુધીમાં આવી જશે. ચાલુ વર્ષે ચાંદીપુરા વાયરસના કારણે કુલ ત્રણ પોઝિટિવ બાળકોના દુઃખદ મૃત્યુ થયા છે, જે અંગે મંત્રીશ્રીએ બેઠકમાં દુઃખ વ્યક્ત કરીને હવે રાજ્યમાં એકપણ બાળકનું ચાંદીપુરા વાયરસના કારણે મૃત્યુ ન થાય તે અંગે સઘન કાળજી લેવા આરોગ્ય તંત્રને તાકીદ કરી હતી. આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, આરોગ્ય વિભાગ દ્વારા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન-IMAની મદદ લેવામાં આવી રહી છે. રાજ્યના તમામ ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાઈડલાઈન જાહેર કરી ગાંધીનગર મુખ્ય મથક સાથે સંકલનમાં રહેવા જણાવાયું છે. નાના સેન્ટરો અને ખાનગી ક્લિનિક ચલાવતા ડૉક્ટરોને પણ સૂચના આપવામાં આવી છે કે, જો આવો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો પ્રાથમિક સારવાર બાદ સમય બગાડ્યા વિના બાળકને ઓક્સિજન અને વેન્ટિલેટરની સુવિધા ધરાવતી મોટી હોસ્પિટલોમાં તુરંત જ દાખલ કરવામાં આવે, જેથી બાળકની કિંમતી જિંદગી બચાવી શકાય. આરોગ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં રાજ્યના જે ૬૧ સ્થળો પરથી ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા હતા, તે તમામ સ્થળો પર આરોગ્ય વિભાગની ટીમો દ્વારા દવાનો છંટકાવ અને લોકજાગૃતિના કાર્યક્રમો યુદ્ધના ધોરણે પૂર્ણ કરી લેવામાં આવ્યા છે. જૂના આ ૬૧ સ્થળોમાંથી એક પણ જગ્યાએ નવો કેસ રિપીટ થયો નથી. જે નવા વિસ્તારોમાં દર્દીઓ મળી આવ્યા છે, ત્યાં પણ પ્રશાસન દ્વારા તુરંત જ ફોગિંગ, સેન્ડફ્લાય માખીના નાશ માટે સ્પ્રે અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. વાયરસના ફેલાવાને રોકવા માટે રાજ્યના નાનામાં નાના આરોગ્ય કેન્દ્ર સુધી દવાનો પૂરતો જથ્થો અને જરૂરી તબીબી પુરવઠો ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ચાંદીપુરા વાયરસની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. નાગરિકોએ પણ સાવચેતી રાખવી અનિવાર્ય છે. જો કોઈ બાળકમાં તાવ, ઉલટી કે બેભાન થવા જેવા લક્ષણો દેખાય, તો તુરંત જ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો. આ ઉપરાંત આરોગ્ય તંત્રને દવાઓ, ફોગિંગ અને સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવા આદેશ આપવામાં આવ્યા છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ બેઠકમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવ ટોપનો, શહેરી આરોગ્ય કમિશનર ડૉ. સંધ્યા ભુલ્લર, ગ્રામ્ય આરોગ્ય કમિશનર ડૉ. રતનકંવર ગઢવી ચારણ, જાહેર આરોગ્ય અધિક નિયામક ડૉ. નિલમ પટેલ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણીના અનુસંધાને ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કરી જાહેરસભાને સંબોધિત કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

## પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શ્રી સતિષભાઈ પટેલનો જંગી બહુમતીથી વિજય સ્વ. યોગેશભાઈ પટેલને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ હશે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા





ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી, વડોદરા ખાતે ભાજપા ઉમેદવારશ્રી સતિષભાઈ પટેલે ઉમેદવારી પત્ર ભર્યું

### શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

- ભાજપાને 'Party with a drifference' કહેવાય છે, કારણ કે ભાજપા જ એવો પક્ષ છે જ્યાં કોઈપણ સામાન્ય કાર્યકર્તા પરિશ્રમ, સેવા, સમર્પણ અને સંગઠન પ્રત્યેની નિષ્ઠાના બળે ઉચ્ચ સ્થાને પહોંચી શકે છે
- સ્વ. યોગેશભાઈ પટેલે સામાન્ય કાર્યકર્તાથી શરૂઆત કરીને સતત આઠ વખત લોકવિશ્વાસ પ્રાપ્ત કરી અંતિમ શ્વાસ સુધી પ્રજા વચ્ચે રહી લોકસેવાનું અનોખું ઉદાહરણ
- ગુજરાતની જનતાએ છેલ્લા ત્રણ દાયકાથી કમળના નિશાન અને ભાજપા પર સતત વિશ્વાસ વ્યક્ત કરી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસલક્ષી નેતૃત્વને જનતાએ સમર્થન આપ્યું છે
- માંજલપુરની જનતાએ હંમેશા ભાજપા પર વિશ્વાસ મૂક્યો છે અને વિરોધી પક્ષોના સૂપડા સાફ કર્યા છે
- માંજલપુર વિધાનસભામાં ભાજપાના ભવ્ય વિજયથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં થઈ રહેલા વિકાસયજ્ઞને વધુ બળ મળશે
- દિવસ-રાત, તડકો-છાંયડો જોયા સિવાય અવિરત કાર્યરત રહેતા કાર્યકર્તાઓ જ ભાજપાની સૌથી મોટી તાકાત છે

કમલમ્,

ગુજરાત વિધાનસભાની ૧૪૫-માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણીના અનુસંધાને વડોદરા ખાતે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના વરદ હસ્તે ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમની વિશેષ ઉપસ્થિતિમાં માંજલપુર ખાતે વિશાળ જાહેરસભા યોજાઈ હતી. જાહેરસભા પૂર્ણ થયા બાદ ઉત્સાહભેર યોજાયેલી 'વિજય વિશ્વાસ બાઈક રેલી' કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી, જ્યાં ભાજપના ઉમેદવાર શ્રી સતિષભાઈ પટેલે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ઉમેદવારીપત્ર દાખલ કર્યું હતું. જાહેરસભાની શરૂઆતમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત ઉપસ્થિત સૌ આગેવાનોએ સ્વ. યોગેશભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિશાળ જાહેરસભાને સંબોધિત કરતા જણાવ્યું હતું જણાવ્યું હતું કે, નવનિર્માણ આંદોલનથી શરૂ થયેલી સ્વ. યોગેશભાઈ પટેલની જાહેરજીવનની યાત્રા લોકસેવા, વિકાસ અને જનવિશ્વાસનું પ્રતિક બની રહી હતી. માંજલપુર પેટાચૂંટણીમાં ભાજપનો વિજય નિશ્ચિત છે તેમ જણાવતા તેમણે કહ્યું કે, પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર શ્રી સતિષભાઈ પટેલના જંગી વિજય દ્વારા સ્વ. યોગેશભાઈ પટેલને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પણ થશે તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં થઈ રહેલા વિકાસયજ્ઞને વધુ બળ મળશે. શ્રી વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી સામાન્ય કાર્યકર્તાઓને તક આપતી પાર્ટી છે અને શ્રી સતિષભાઈ પટેલ તેનું જીવંત ઉદાહરણ છે. ભાજપ જ એવો પક્ષ છે જ્યાં કોઈપણ કાર્યકર્તા પરિશ્રમ, સેવા, સમર્પણ અને સંગઠન પ્રત્યેની નિષ્ઠાના બળે આગળ વધી શકે છે. માટે જ ભાજપાને 'Party with a drifference' કહેવાય છે. સ્વ. યોગેશભાઈ પટેલે પણ સામાન્ય કાર્યકર્તાથી શરૂઆત કરીને સતત આઠ વખત લોકવિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો અને અંતિમ શ્વાસ સુધી પ્રજા વચ્ચે રહી લોકસેવાનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સ્વ. યોગેશકાકાની લોકપ્રિયતા, જમીની સ્તરે તેમનું જોડાણ અને મજબૂત જનસંપર્ક આજે પણ દરેક કાર્યકર્તા માટે પ્રેરણારૂપ છે. માંજલપુરની જનતાએ હંમેશા ભાજપા પર વિશ્વાસ મૂક્યો છે અને વિરોધી પક્ષોના સૂપડા સાફ કર્યા છે. શ્રી વિશ્વકર્માએ કહ્યું કે, ભાજપાના કાર્યકર્તાઓ દિવસ-રાત, તડકો-છાંયડો જોયા સિવાય હંમેશા કાર્યરત રહે તે જ ભાજપાની સૌથી મોટી તાકાત છે. શ્રી સતિષભાઈ પટેલને સંગઠન અને વહીવટી કામગીરીનો વર્ષોનો વિશાળ અનુભવ છે. તેમણે કોઈ પ્રકારની અપેક્ષા અને માગણી કર્યા સિવાય નિષ્ઠાપૂર્વક પક્ષ માટે માટે કાર્ય કર્યું છે. તેમણે કાર્યકર્તાઓને ઘર-ઘર સુધી પહોંચી વધુમાં વધુ મતદાન સુનિશ્ચિત કરવા અને કમળના વિજય માટે સંપૂર્ણ સમર્પણ સાથે કાર્ય કરવા આહ્વાન કર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે આજે વિશ્વના ૩૦થી વધુ દેશોએ ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને સર્વોચ્ચ સન્માનથી નવાજ્યા છે અને ૧૯થી વધુ દેશોની સંસદોને શ્રી મોદીજીએ સંબોધિત કરી ભારતનું ગૌરવ વિશ્વભરમાં વધાર્યું છે. ગુજરાતની જનતાએ છેલ્લા ત્રણ દાયકાથી કમળના નિશાન અને ભારતીય જનતા પાર્ટી પર સતત વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વિકાસલક્ષી નેતૃત્વને જનતા સતત સમર્થન આપી રહી છે. આ જાહેરસભામાં વડોદરા મહાનગર ભાજપા અધ્યક્ષ ડૉ. જયપ્રકાશ સોનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ ભાજપાના ઉમેદવાર શ્રી સતિષભાઈ પટેલે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં માંજલપુરની જનતાને ભાજપાને વિજયી બનાવવા અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે તેઓ તેઓ ભાજપાના કાર્યકર તરીકે સ્વ. યોગેશભાઈ પટેલના અધૂરા સંકલ્પોને પૂર્ણ કરવા તેમજ માંજલપુરના વિકાસ માટે અવિરતપણે કાર્યરત રહેશે. આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી રમણભાઈ સોલંકી, શ્રી મનીષાબેન વકીલ, પ્રદેશ મહામંત્રીશ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી રસિકભાઈ પ્રજાપતિ, સાંસદ તેમજ પ્રદેશ યુવા મોરચાના પ્રમુખશ્રી ડો. હેમાંગભાઈ જોષી, વિધાનસભાના દંડકશ્રી બાલકૃષ્ણભાઈ શુક્લ, મેયરશ્રી ગીતાબેન મકવાણા, ધારાસભ્યશ્રીઓ, સ્વર્ગસ્થ યોગેશભાઈના સુપુત્રશ્રી રાકેશભાઈ પટેલ, ભાજપા આગેવાનો, કાર્યકર્તાઓ પદાધિકારીશ્રીઓ, મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નવી દિલ્હીમાં જળ સંસાધન વિભાગોના સચિવોનું અખિલ ભારતીય સંમેલન યોજાયું

## દેશની જળ સુરક્ષા અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપન પર ચર્ચા

**દેશની જળ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો - શ્રી સી. આર. પાટીલ**



'કેચ ધ રેઈન' અભિયાન અને જનભાગીદારી પર ભાર - શ્રી સી. આર. પાટીલ

કમલમ્,

નવી દિલ્હી સ્થિત સુષ્મા સ્વરાજ ભવન ખાતે અખિલ ભારતીય જળ સંસાધન વિભાગોના સચિવોના સંમેલનનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ ઉચ્ચ સ્તરીય સંમેલનમાં દેશભરના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો અને દેશના જળ ક્ષેત્ર સાથે જોડાયેલા વિવિધ મહત્વપૂર્ણ અને દૂરગામી વિષયો પર સાર્થક ચર્ચા કરી. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલજીએ જણાવ્યું કેઃ પરંપરાગત અને આધુનિક રીતોથી પાણીનો સંગ્રહ કરવો ખેતી અને સિંચાઈ ક્ષેત્રમાં પાણીના ઉપયોગને વધુ અસરકારક અને ઓછા ખર્ચાળ બનાવવો દેશના જળાશયો અને બંધોની સુરક્ષા અને દેખરેખને મજબૂત કરવી નીતિઓ અને વહીવટી માળખામાં સુધારા લાવવા જળ સંસાધનોના વ્યવસ્થાપનમાં નવીનતમ ટેકનોલોજી અને વૈજ્ઞાનિક પદ્ધતિઓનો સમાવેશ કરવો રાજ્યો વચ્ચે વધુ સારો તાલમેલ કરીને જળ વિવાદો અને વ્યવસ્થાપનને સરળ બનાવવું સંમેલનમાં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના "કેચ ધ રેઈન" ના સંકલ્પને આગળ વધારવા પર વિસ્તૃત ચર્ચા થઈ. અધિકારીઓએ આ વાત પર સંમતિ વ્યક્ત કરી કે જળ સંરક્ષણના આ અભિયાનને માત્ર સરકારી સ્તરે નહીં, પરંતુ જનભાગીદારી દ્વારા એક જન-આંદોલનનું સ્વરૂપ આપીને જ સંપૂર્ણ રીતે સફળ બનાવી શકાય છે. આ સંમેલનને લઈને એવો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો કે અહીં થયેલા ઊંડાણપૂર્વકના વિચાર-વિમર્શ અને રાજ્યો તરફથી મળેલા મૂલ્યવાન સૂચનો દેશના જળ ક્ષેત્રમાં સુધારાઓને એક નવી ગતિ આપશે. આવનારા સમયમાં આ નિષ્કર્ષો દેશના જળ સંસાધનોના વધુ અસરકારક, દૂરદર્શી અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપનની દિશામાં એક ઐતિહાસિક સીમાચિહ્ન સાબિત થશે.

